RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 130* Date: 28.02.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મેઘાલય-નાગાલેન્ડમાં મતદાન સમાપ્તઃનાગાલેન્ડમાં ૮૧.૯૪% અને મેઘાલયમાં ૭૪.૩૨% મતદાન



શિલોન્ગ,તા.૨૭

મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન સવારે ૭ વાગ્યાથી શરુ થયું હતું. મેઘાલયની ૫૯ અને નાગાલેન્ડમાં ૫૯ વિધાનસભાની બેઠકો માટે મતદાન થયું હતું. ૨ માર્ચે ચૂંટણીનું પરિણામ જાહેર થશે. નાગાલેન્ડમાં ૬૦ બેઠકો છે, પરંતુ એક સીટ પર કોંગ્રેસના ઉમેદવારે પોતાનું નામ પાછું ખેંચી લીધા બાદ ૫૯ બેઠકો પર મતદાન યોજાઈ છે. જ્યારે મેઘાલયમાં યુડીપીના ઉમેદવાર એચ.ડી.આર. લિંગદોહના મૃત્યુ બાદ સોહિયોંગની ચૂંટણી સ્થગિત કરવામાં આવી છે.

મેઘાલયમાં ૮૧.૯૪% અને નાગાલેન્ડમાં ૭૪.૩૨% મતદાન નોંધાયું છે. મેઘાલય અને નાગાલેન્ડ બંને રાજ્યોમાં ૬૦-૬૦ વિધાનસભા બેઠકો છે, પરંતુ આ વખતે મેઘાલય અને નાગાલેન્ડમાં ૫૯-૫૯ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે.

બંને રાજ્યોમાં ૪૦ મહિલા ઉમેદવારો સહિત કુલ ૫૫૯ ઉમેદવારો મેદાનમાં છે. બીજી તરફ ચાર રાજ્યો- તમિલનાડુ, અરુણાચલ પ્રદેશ,પશ્ચિમ બંગાળ અને ઝારખંડની વિધાનસભા બેઠકો પર પણ આજે પેટાચૂંટણી યોજાઈ હતી

મતદાન દરમિયાન નાગાલેન્ડમાં મોકોકચુંગ જિલ્લાના ઉમાબસ્તી વિસ્તારમાં અલોગતાકિ મતદાન કેન્દ્ર પર મતદાન દરમિયાન પથ્થરમારો થયો છે.

મતદાન અટકાવવામાં આવ્યું હતું નાગાલેન્ડમાં ભંડારી મતદાન કેન્દ્ર પર ફાયરિંગ કરવામાં આવ્યું છે. જેમા એનપીપીનો કાર્યકર ઘાયલ થયો હતો જ્યારે કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડયાના અહેવાલો મળ્યા હતાં મતદાન સવારે શરૂ થાય તે પહેલા જ મતદારોની લાઈનો લાગી ગઈ હતી હાલમાં બંને રાજ્યોમાં ભાજપની ગઢબંધનની સરકાર છે. મેઘાલયમાં નેશનલ પીપલ્સ પાર્ટીએ ભાજપની સાથે મળીને સરકાર બનાવી છે, પરંતુ આ વખતે બંને પાર્ટીઓ અલગ-અલગ ચૂંટણી લડી રહી છે. જ્યારે, નાગાલેન્ડમાં નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી અને ભાજપની ગઠબંધન સરકાર છે. આ વખતે બંને પાર્ટીઓ સાથે મળીને ચૂંટણી લડી રહી છે.

મતદાન દરમિયાન મેઘાલયના મોથેંગકુટમાં ઈકો ફ્રેન્ડલી મોડલ મતદાન કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું મતદાન કરવા પહોંચેલા પ્રથમ પાંચ લોકોને સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું હતું.નાગાલેન્ડના શમાતોર જિલ્લામાં મતદાન કરવા મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતાં અને મતદાન કેન્દ્રો પર લોકોની લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી નાગાલેન્ડના શમાતોર જિલ્લામાં એક યુવતી પોતાના ડોગને લઈને લાઈનમાં ઉભી હતી. મેઘાલયના પિન્થોરમાખરાનથી ભાજપના ઉમેદવાર અલ હેકના પૂર્વ ખાસી હિલ્સમાં મતદાન કરવા પહોંચ્યા હતા.

રાજ્યમાં કુલ ૧૩ લાખ મતદારો હતાં જ્યારે ૫૯ બેઠકો માટે ૨૩૧૫ મતદાન કેન્દ્ર પર મતદાન કરવામાં આવ્યું હતું મતદારોએ ૧૮૩ ઉમેદવારો મેદાનમાં હતાં જેમાં ૪ મહિલા અને ૧૯ અપક્ષ ઉમેદવાર સામેલ છે.જેમના ભાવિ ઈવીએમ મશીનમાં મતદારોએ સીલ કર્યા છે

મેઘાલય અને નાગાલેન્ડમાં વિધાનસભાની ચૂંટણી નિષ્પક્ષ યોજાય તે માટે તંત્રે સરહદો સીલ કરી દેવામાં આવી હતી જ્યારે મેઘાલયમાં સીઆરપીએફની ૧૧૯ અને નાગાલેન્ડમાં ૩૦૫ કંપનીઓ તહેનાત કરાઈ કરાઇ હતી. સવારે નવ વાગ્યા સુધીમાં મેઘાલયમાં ૧૨% અને નાગાલેન્ડમાં ૧૫% થી વધુ મતદાન નોંધાયું હતું. જ્યારે ૧૧ વાગ્યા સુધીમાં મેઘાલયમાં ૨૬.૭૦% અને નાગાલેન્ડમાં ૩૫.૨૪ % મતદાન થવા પામ્યું છે.

મેઘાલયના મુખ્ય ચૂંટણી અધિકારી એફઆર ખારકોંગરે જણાવ્યું હતું કે ગારો હિલ્સના ફુલબારીમાં બે પક્ષોના સભ્યો વચ્ચે થયેલી અથડામણમાં ૩૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મેઘાલયમાં ૩૩ કરોડ રૂપિયાના ડ્રગ્સ અને અન્ય વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

ચૂંટણી પંચે બાંગ્લાદેશ સાથેની ૪૪૩ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ અને આતરરાજ્ય સરહદોને ૨૪ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધી સીલ રાખવાનો આદેશ આપ્યો છે.

## પીએમ મોદી પર ટિપ્પણી મામલે પવન ખેડાને રાહત, વચગાળાના જામીન ચાલુ રહેશે

નવીદિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના પિતા પરની અભદ્ર ટિપ્પણી મામલે કોંગ્રેસના નેતા પવન ખેડાને આપવામાં આવેલા વચગાળાના જામીન ચાલુ રહેશે.

ખેડાની અરજી અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શુક્રવાર ૩ માર્ચ સુધી મુલતવી રાખવામાં આવી છે. છેલ્લી સુનાવણીમાં કોર્ટે ખેડાને મોટી રાહત આપી હતી. દિલ્હીમાંથી આસામ પોલીસે ધરપકડ કરાયેલા ખેડાને આસામ જતા પહેલા વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા.

આગામી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટ આસામ અને યુપીમાં નોંધાયેલા કુલ ૩ એફઆઈઆર એક જગ્યાએ સ્થાનાંતરિત કરવાનું વિચારશે. આસામ અને યુપી સરકારે જવાબ દાખલ કરવા માટે કોર્ટમાંથી સમય માંગ્યો છે. આ કારણોસર સુનાવણી મુલતવી રાખવામાં આવી છે. ૨૩ ફેબ્રુઆરીએ કોંગ્રેસના મહાઅધિવેશનમાં રાયપુર જઈ રહેલા પવન ખેડાને આસામ પોલીસે ફલાઈટમાંથી ઉતારી ધરપકડ કરી હતી. આ પછી, અભિષેક મનુ સિંઘવીની અરજી પર સુપ્રીમ કોર્ટે ૨૮ ફેબ્રુઆરી સુધી વચગાળાના જામીન માટે રાહત આપી હતી.

સુપ્રીમ કોર્ટે યુપીના લખનઉ, વારાણસી અને આસામમાં પવન ખેડા પર નોંધાયેલ ૩ એફઆઈઆરને ક્લબ કરવાનો આદેશ આપ્યો હતો. આ અંગે, કોર્ટે યુપી અને આસામ સરકારને નોટિસ પણ આપી હતી. ૨૩ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટની આદેશ બાદ દિલ્હીની દ્વારકા કોર્ટે ૩૦,૦૦૦ રૂપિયાના બોન્ડ પર ખેડાને વચગાળાના જામીન આપ્યા હતા. આ નિર્ણય આસામ પોલીસના પરિવહન રિમાન્ડની માંગ પર જાહેર કરવામાં આવ્યો હતો.

અદાલતે પવન ખેડાને રાહત આપી હતી, પરંતુ તેમને ઠપકો આપીને ચેતવણી પણ આપી હતી. મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે અમે તમને રક્ષણ (ધરપકડથી) આપ્યું છે, પરંતુ નિવેદનબાજીનું પણ કોઈ સ્તર હોવું જોઈએ. આના પર, ખેડાના વકીલ સિંઘવીએ કહ્યું હતું કે અમે પણ આવી નિવેદનબાજીને ટેકો આપતા નથી.

## દેશવાસીઓ મેક ઈન ઈન્ડિયામાં વિમાનમાં ઉડે તે દિવસો દૂર નથીઃ વડાપ્રધાન મોદી

બેંગ્લુરુ,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કર્ણાટક પ્રવાસે છે. તેમણે શિવમોગા એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરી પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ×આજે મને ફરી એકવાર કર્ણાટકના વિકાસ સાથે સંબંધિત હજારો કરોડ રૂપિયાની પરિયોજનાઓનું ઉદઘાટન કરવાનો અને શિલાન્યાસ કરવાનો અવસર મળ્યો છે. આજે શિવમોગાને પોતાનું એરપોર્ટ મળ્યું છે, તે ખૂબ જ ભવ્ય અને સુંદર છે. આ માત્ર એરપોર્ટ નથી પરંતુ આ વિસ્તારના સૈનિકોના સપનાની નવી ઉડાનનું અભિયાન છે. અગાઉ જ્યારે કર્ણાટકના વિકાસની ચર્ચા થતી હતી ત્યારે તે મોટા શહેરો સુધી જ સીમિત હતી, પરંતુ અમારી સરકાર વિકાસને કર્ણાટકના ગામડાઓ સુધી પહોંચાડતી હતી. તે ટાયર-૨ અને ટાયર-૩ શહેરો સુધી પહોંચવા માટે કામ કરી રહી છે.

કોંગ્રેસના શાસનમાં, એર ઈન્ડિયાની ઓળખ કૌભાંડો માટે કરવામાં આવી હતી. તે ખોટમાં ચાલતું બિઝનેસ મોડલ હતું, પરંતુ આજે એર ઈન્ડિયા ભારતની નવી શક્તિ તરીકે વિશ્વમાં નવી ઊંચાઈઓ, નવી ઉડાનો લઈ રહ્યું છે. આજે ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર સમગ્ર વિશ્વમાં ગુંજી રહ્યું છે. તે દિવસ દૂર નથી જ્યારે ભારતના નાગરિકો 'મેડ ઈન ઈન્ડિયા' વિમાનમાં મુસાફરી કરશે.

કોંગ્રેસે વિચાર્યું ન હતું કે નાના શહેરોને પણ હવાઈ માર્ગે જોડ જોઈએ. આજે દેશના અનેક નાના શહેરોમાં આધુનિક એરપોર્ટ છે.

## વડાપ્રધાન પ્રચંડને ૨૮ માર્ચ સુધીમાં વિશ્વાસ મત મેળવવો પડશે

કાઠમાંડૂ,તા.૨૭

નેપાળમાં રાજકીય ઉથલપાથલ ચાલુ છે. વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ૨૮ માર્ચ સુધીમાં સંસદના નીચલા ગૃહ - હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં વિશ્વાસનો મત જીતવો પડશે. રાજેન્દ્ર લિંગડેનના રાજીનામા સાથે, રાષ્ટ્રીય પ્રજાતાંત્રિક પાર્ટીના વડા અને પ્રચંડ સરકારમાં નાયબ વડા પ્રધાન, ત્રણ પ્રધાનો સાથે, સરકારમાંથી સમર્થન પાછું ખેંચવાની જાહેરાત કરી.આવી સ્થિતિમાં એવું માનવામાં આવી રહ્યું છે કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિપક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને સ્પષ્ટ બહુમતી મળી રહી છે, જે એ પણ સંકેત છે કે સરકાર પાસે હવે જરૂરી સમર્થન નથી. જો કે, નેપાળના બંધારણના અનુચ્છેદ ૧૦૦ ના ક્લોઝ-૨ મુજબ, વડા પ્રધાનની પાર્ટી અથવા ગઠબંધનનું વિભાજન થયાના ૩૦ દિવસની અંદર વિશ્વાસનો મત મેળવવો જરૂરી છે. આવી સ્થિતિમાં, ગૃહમાં સભ્યોની સંખ્યાના સંદર્ભમાં નેપાળની સૌથી મોટી રાજકીય પાર્ટી નેપાળી કોંગ્રેસને ટૂંક સમયમાં નવી સરકાર બનાવવાની તક મળી શકે છે, કારણ કે આરપીપી સિવાય પ્રચંડના ગઠબંધનના ઘણા ભાગીદારો છે. તેમનાથી સંતુષ્ટ નથી.નેપાળના વડાપ્રધાન પરંપરાગત રીતે સરકાર બન્યા બાદ પ્રથમ વિદેશ પ્રવાસે ભારત આવતા રહ્યા છે, પરંતુ પીએમ પ્રચંડ આ પરંપરા તોડીને કતાર જવાની તૈયારી કરી રહ્યા છે.અગાઉ ૬ ફેબ્રુઆરીએ ગઠબંધનમાં ત્રીજા નંબરની સૌથી મોટી રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ સરકાર છોડી દીધી હતી, પરંતુ બહારથી સરકારનું સમર્થન જાળવી રાખ્યું હતું. હવે આરપીપીથી સમર્થન પાછું ખેંચવાની જાહેરાત સાથે પીએમ પ્રચંડને વિશ્વાસનો મત મેળવવો પડશે.સત્તાધારી ગઠબંધનમાં તિરાડ બાદ ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. વડા પ્રધાન પ્રચંડે રવિવારે અચાનક જ વિદેશ પ્રધાન ડૉ. વિમલા પૌડેલની જીનીવાની મુલાકાત રદ કરી હતી.

તેમને એરપોર્ટ પરથી પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું. વિદેશ મંત્રી ડૉ. પૌડેલે બપોરે જ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે તેઓ જીનીવામાં યુએનની માનવ અધિકાર પરિષદની કોન્ફરન્સમાં જવાની વાત કહી હતી. ચીફ સેક્રેટરીએ તેમને ફોન કરીને તેમનો પ્રવાસ રદ કરવાની જાણકારી આપી હતી. તે જ સમયે, આ પર આશ્ચર્ય વ્યક્ત કરતા, વિદેશ મંત્રીએ તેને પોતાનું અપમાન ગણાવ્યું છે.

## સીએમ એકનાથ શિંદેની 'શિવસેના' એ બજેટ સત્રમાં હાજર રહેવા ધારાસભ્યો માટે વ્હીપ જાહેર કર્યું

મુંબઇ,તા.૨૭

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ સોમવારથી શરૂ થયેલા મહારાષ્ટ્ર વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન તેના તમામ ધારાસભ્યોને હાજર રહેવા વ્હીપ જાહેર કર્યું છે. એવું માનવામાં આવે છે કે પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના જૂથને ઘેરવા માટે આ કરવામાં આવ્યું છે.

ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ આઘાડી સરકાર ગયા વર્ષે જૂનમાં પડી ગઈ હતી જ્યારે મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અન્ય ૩૯ ધારાસભ્યોએ પક્ષના નેતૃત્વ સામે બળવો કર્યો હતો. ચૂંટણી પંચે તાજેતરમાં શિંદેના નેતૃત્વવાળા જૂથને શિવસેના નામ અને તેનું ચૂંટણી ચિહ્ન આપ્યું છે.

શિવસેનાના વિવાદ વચ્ચે, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે ગુરુવારે કહ્યું કે તેમને નીચલા ગૃહમાં અલગ પક્ષ હોવાનો દાવો કરતા કોઈપણ જૂથ તરફથી કોઈ અરજી મળી નથી.

રાહુલ નાર્વેકરે પીટીઆઈને જણાવ્યું હતું કે મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને તેમના મુખ્ય દંડક ભરત ગોગાવાલેના નેતૃત્વમાં શિવસેનાના ૫૫ ધારાસભ્યો ધરાવતી પાર્ટી જ માન્ય છે. રાહુલ નાર્વેકરે વિધાનમંડળ પક્ષના નેતા તરીકે શિંદેની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. ભરત ગોગાવાલેએ રવિવારે સાંજે કહ્યું હતું કે, અમે શિવસેનાના તમામ ધારાસભ્યોને સમગ્ર બજેટ સત્ર દરમિયાન હાજર રહેવા વ્હીપ જાહેર કર્યો છે. તેમ કરવામાં નિષ્ફળ ધારાસભ્યો સામે કાર્યવાહી કરવામાં આવશે.

જણાવી દઈએ કે શિવસેનાનું નામ અને પ્રતીક કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ઉદ્ધવ ઠાકરેથી લઈને એકનાથ શિંદેને આપવામાં આવ્યું છે. શિંદે-ઠાકરે વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં ૨૮ ફેબ્રુઆરીએ સુનાવણી થશે. આ બધાની વચ્ચે સત્તાધારી પક્ષો અને વિપક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપનો તબક્કો શરૂ થઈ ગયો છે. તેની અસર સમગ્ર સત્ર દરમિયાન જોવા મળશે.

## પંજાબમાં વાતાવરણ બગાડવાનું ષડયંત્ર! એસડીએમ ઓફિસની દિવાલો પર ખાલિસ્તાનીના નારા

ચંડીગઢ,તા.૨૭

પંજાબમાં ખાલિસ્તાન તરફી દળો સતત વાતાવરણને બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. ખાલિસ્તાન તરફી અમૃતપાલ સિંહ અને તેમના સમર્થકો દ્વારા અજનાલામાં હિંસાનો મામલો હજુ શાંત થયો નથી. આ દરમિયાન ખાલિસ્તાન સમર્થકોએ મોગામાં દિવાલો પર વિવાદાસ્પદ સૂત્રો લખ્યા હતા. જેના કારણે સ્થિતિ તંગ બની છે. સોમવારે સવારે બાઘાપુરાના એસડીએમ ઓફિસની દિવાલો પર ખાલિસ્તાન સમર્થકો દ્વારા વિવાદાસ્પદ સૂત્રો લખવામાં આવ્યા હતા. જેના કારણે જિલ્લા અને પોલીસ પ્રશાસનમાં ખળભળાટ મચી ગયો હતો. અધિકારીઓ તાકીદે સ્થળ પર પહોંચ્યા અને દિવાલો પર લખેલા સૂત્રો સાફ કરાવ્યા.રોડે ગામની દિવાલો પર ખાલિસ્તાનીના નારા પણ લખવામાં આવ્યા છે. મોગા જિલ્લાનું રોડે ગામ જરનૈલ સિંહ ભિંડરાવાલાનું ગામ છે. આતંકવાદી જસબીર સિંહ રોડે પણ આ ગામનો છે જે હવે પાકિસ્તાનમાં છુપાયેલો છે. વિદેશમાં બેઠેલા શીખ્સ ફોર જસ્ટિસના વડા ગુરવતપંત પન્નુએ એક વીડિયો વાઈરલ કરીને વિવાદાસ્પદ સૂત્રો લખીને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની માહિતી આપી હતી. એસડીએમ ઓફિસની દિવાલો પર સૂત્રો લખ્યાના થોડા સમય બાદ વિદેશમાં બેઠેલા શીખ ફોર જસ્ટિસના વડા ગુરવતપંત પન્નુએ વીડિયોમાં કહ્યું કે ખાલિસ્તાનના સમર્થકોએ એસડીએમ ઓફિસ બાગાપુરા અને પોલિટેકનિક કોલેજ રોડની દિવાલો પર સૂત્રો લખ્યા છે.

## કોરોના વાયરસ વુહાનની લેબમાંથી જ નીકળ્યો હતો! અમેરિકી ઊર્જા વિભાગનો મોટો દાવો

વોશિંદગ્ટન,તા.૨૭

વિશ્વમાં કોરોનાનો પ્રકોપથી કોઈ અજાણ હશે નહિ લગભગ ૨ વર્ષ સુધી આ મહામારીએ આખા વિશ્વને પોતાની ઝપેટમાં લીધા હતા. આ મહામારીનો સામનો કરવા ઘણા દેશ કેટલાક અંશે સફળ રહ્યા કારણકે તે દેશો કોરોના રસી બનાવવા સફળ રહ્યા હતા. વિશ્વભરની તપાસ એજન્સીઓ કોરોનાની ઉત્પત્તિ માટે ચીનને જવાબદાર માને છે. કેટલી એજન્સીનો દાવો છે કે આ વાયરસ ચીનની વુહાન લેબમાં બનાવવામાં આવ્યો હતો.

જોકે આ આરોપોને ચીન સતત નકારી રહ્યું છે. ચીનના જણાવ્યા પ્રમાણે આ વાયરસ તેમની લેબમાં નથી બન્યો, પરંતુ બહારથી આવ્યો છે. જો કે, ઘણી તપાસ એજન્સીઓએ આ વાતના ઘણા પુરાવા રજૂ કર્યા, જેના કારણે સમગ્ર શંકા ચીન તરફ જ જાય છે. અમેરિકાના ઉર્જા વિભાગે કોરોનાને લઈને એક નવો ખુલાસો કર્યો છે. ઉર્જા વિભાગે કહ્યું છે કે, કોરોના વાયરસની ઉત્પત્તિ ચીનની લેબોરેટરીમાંથી થઈ હોવાની પૂરે પૂરી સંભાવના છે. વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબ, ઊર્જા વિભાગના તારણો નવી અંગત જાણકારીઓના પરિણામ છે અને એજન્સી પાસે નોંધપાત્ર વૈજ્ઞાનિક કુશળતા પણ છે.

અહેવાલ અનુસાર, ઉર્જા વિભાગ વાયરસની ઉત્પત્તિ વિશે શરુમાં નિશ્ચિત કરી શકતો ન હતો. જો કે, નેશનલ ઈન્ટેલિજન્સ એવરિલ હેન્સની ઓફિસના ડિરેક્ટર દ્વારા ૨૦૨૧નો દસ્તાવેજ દર્શાવે છે કે કેવી રીતે ગુપ્તચર વિવિધ ભાગો રોગચાળાની ઉત્પત્તિ વિશે જુદા જુદા નિષ્કર્ષ પર કામ કરે છે. અહેવાલમાં રજૂ કરવામાં આવ્યું છે કે, કોવિડ-૧૯ વાયરસ સંભવતઃ ચીનની લેબોરેટરીમાં થયેલા અકસ્માતથી ફેલાયો હતો. અગાઉ પણ એફબીઆઈએ તારણ કાઢ્યું હતું કે, ૨૦૨૧ માં ચીનમાં લેબોરેટરી લીકને કારણે કોરોના વાયરસ મહામારીની ઉત્પત્તિ થઈ હશે.

NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# બટાકાની જેમ ડુંગળીના પાક માટે નવા નિર્ણયની જરૂર

*તુર્કીથી લઈને કઝાકિસ્તાન સુધી ડુંગળીના ભાવ લોકોને રડાવી રહ્યા છે. એક રીતે, ડુંગળી વૈશ્વિક ખાદ્યસંકટનું પ્રતીક બની ગઈ છે. આગામી દિવસોમાં સ્થિતિ વધુ વણસી શકે છે. શાકભાજીથી લઈને સલાડ અને કરી સુધી સમગ્ર વિશ્વમાં ડુંગળીનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. પાકિસ્તાનમાં પૂર, મધ્ય એશિયામાં હિમપ્રકોપ અને યુક્રેનમાં યુદ્ધને કારણે ડુંગળીના ભાવમાં વધારો થયો છે. બીજી તરફ ભારતમાં ખેડૂતોને ખર્ચને અનુરૂપ ભાવ મળી રહ્યા નથી. ભારતમાં ડુંગળીની કિંમતમાં ભારે ઘટાડો નોંધાયો છે. ખેડૂતોને એક રૂપિયા પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચવી પડે છે. ડુંગળીનો ભાવ ન મળવાના કારણે ઘેટાં-બકરાંને ખવડાવી દેવાની સ્થિતિ ઉભી થઈ છે. ડુંગળીના પાકમાં સારો ભાવ મળે તો જ નફો થાય. સૌરાષ્ટ્ર વિસ્તારમાં લસણ-ડુંગળીનું વાવેતર કરનારા અનેક ખેડૂતોને આવી સ્થિતિમાં ડુંગળીના જોઈએ તેટલા ભાવ ન મળવાના કારણે રડવાનો વારો આવ્યો છે. ડુંગળીના પાક માટે તેમણે કરેલ ખર્ચ નીકળી શકે તેટલો ભાવ પણ તેમને મળી રહ્યો નથી.*

*મહારાષ્ટ્રના નાસિક નજીક લાસાલગામ કૃષિ ઉત્પાદન બજાર સમિતિ, એશિયાનું ડુંગળીનું સૌથી મોટા બજારમાં પણ ડુંગળીના ભાવ ઘટયા છે. ખેડૂતના બધા પાકની આ જ સ્થિતિ છે. સરકારે ખેડૂતને સબસિડીમાં વધારે સહાય આપી દરેક ગામમાં ડુંગળી સાચવવા માટેની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી તેમને સારો ભાવ મળી શકે. હાલ બજાર ઘણું નીચું છે. એક વખતે રૂપાણી સરકાર સમયે ખેડૂતને કિલોએ એક કે બે રૂપિયાની સબસિડીની સહાય કરી હતી, તેવી હાલ પણ આર્થિક સબસિડીની સહાય કરવામાં આવે તો ખેડૂતને ઘણી મદદ મળી રહેશે. ખેડૂતોના માલ વેચાયા નથી, તેમની માટે સરકાર દ્વારા એક્સપોર્ટને પ્રોત્સાહન મળે એવી નીતિ બનાવવામાં આવે, તેથી બચેલો માલ વેચી શકાય. ભાવ સારા ન મળતા હોવાથી ખેડૂતોએ માલ ખેડીને ખાતર બનાવવાનું ચાલુ કર્યું છે. ડુંગળી રોકડિયો પાક છે, તેથી ખેડૂતો ડુંગળીનું વાવેતર વધુ કરતા હોય છે. અગાઉ વધુમાં વધુ ડુંગળીનો ભાવ ૧૪૦૦થી ૧૫૦૦ રૂપિયે ૨૦ કિલો વેચાઈ હતી, ત્યારથી ખેડૂતોને ડુંગળીનો મોહ વધ્યો હતો, તેથી દર વર્ષે આશા રાખીને ડુંગળીનું વાવેતર કરે છે.*

*ગુજરાતના સ્થાનિકો મુખ્યત્વે ખેતી સાથે સંકળાયેલા છે અને એમાં પણ ઉત્તર ગુજરાતના ખેડૂતો સૌથી વધુ રવિ સિઝન દરમિયાન કોન્ટ્રેક્ટ આધારિત બટાકાનું વાવેતર કરી ઉત્પાદન કરતા હોય છે. ત્યારે કંપનીઓ કેટલીક બાબતોમાં ખેડૂતોને છેતરતી હોય છે. સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાના ખેડૂતોએ સંગઠિત થઈ કંપનીઓ સામે બાયો ચડાવી હતી. કોન્ટ્રેક્ટ ફાર્મિંગ થકી બટાકા પકવતા ખેડૂતો પ્રાંતિજના સોનાસણ ગામે એકઠા થઈ અલગ અલગ મુદ્દાઓ સાથે કંપનીઓ સામે બાયો ચડાવી છે. પોષણ ક્ષમ ભાવો અને ખેડૂતની જાણ બહાર થતી કપાત બાબતે અને આગામી દિવસમાં શું કરવું તેની રણનીતિ પર ચર્ચા પણ કરવામાં આવી હતી.*

## કેલિફોર્નિયામાં રેકર્ડબ્રેક હિમવર્ષા, વરસાદ અને પૂરથી ભયાનક સંકટ

કેલિફોર્નિયા, તા.૨૭

અમેરિકાના કેલિફોર્નિયા રાજયમાં બરફના તોફાને કહેર સર્જયો છે અને અનેક શહેરોમાં પૂરનું સંકટ સર્જાયું છે. લોસ એન્જલસમાં એક લાખથી વધુ ઘરો અને ઈમારતોમાં વિજળી પુરવઠો ખોરવાઇ ગયો છે. બરફના તોફાન અને ભારે વરસાદના કારણે નદીઓ ખતરનાક સ્તરથી ઉંચે વહેવા લાગી છે.

વેન્ચુરા કાઉન્ટીમાં ૭ ઈંચથી વધુ વરસાદ નોંધાતા પૂર પરિસ્થિતિ ઉભી થઇ છે અને આસપાસના ભાગોમાં પણ હિમવર્ષા નોંધાઇ છે. અમેરિકાની નેશનલ વેધર સર્વિસના રીપોર્ટ પ્રમાણે દક્ષિણ-પશ્ચીમ કેલિફોર્નિયામાં અત્યાર સુધીના સૌથી ખતરનાક વાવાઝોડા પૈકીનું આ એક છે. વરસાદ અને પવનનું જોર ધીમુ હોવા છતાં વ્યાપક પ્રભાવ પડયો છે. વેસ્ટર્ન રીજીયોનલ કલાઈમેટ સેન્ટરના ડો.ડેન મૈકએવોઇએ જણાવ્યું કે લાંબા વખતથી દક્ષિણ કેલિફોર્નિયામાં આ પ્રકારનું તોફાન જોવા મળ્યું નથી. સોમવારે વધુ એક આ પ્રકારનું તોફાન આવવાની ચેતવણી આપવામાં આવી છે.

રવિવારથી બુધવાર સુધી લોકોને પ્રવાસ નહીં કરવા અને શકય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. હિમવર્ષા અને પૂરસંકટ વચ્ચે હાડ થિજાવતી ઠંડી પડી રહી છે જેને પગલે યોસેમાઇક નેશનલ પાર્ક બુધવાર સુધી બંધ કરી દેવામાં આવ્યો છે.

લોપ્રેસર સિસ્ટમના કારણે ઉતર-પશ્ચીમી ટેરીજોનામાં દક્ષિણી મેવાદામાં ભારે વરસાદ અને હિમસ્ખલન થવાની ચેતવણી આપવામાં આવી છે. દક્ષિણી કેલિફોર્નિયાના મોટા ભાગના ક્ષેત્રોમાં વિમાની સેવા પણ બંધ કરી દેવામાં આવી છે.

અમેરિકાની જેમ બ્રાઝીલમાં પણ ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનનો સિલસિલો છે અને ૬૦ લોકોના મોત નિપજયા છે. ગત સપ્તાહમાં સર્જાયેલી પૂર પરિસ્થિતિ અને ભૂસ્ખલનને કારણે ૭૬૦ લોકો બેઘર બન્યા હતા અને પ્રભાવિક ક્ષેત્રોમાં ૧૩૭૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ૭ દિવસથી સમગ્ર વિસ્તારમાં રાહત અને બચાવ કામગીરી ચલાવવામાં આવી છે. સમગ્ર વિસ્તારમાં કટોકટી જારી કરવામાં આવી છે.

દાદીની ઓઢણી

નદીની જેમ આમતેમ લહેરાય દાદીની ઓઢણી,
રાત દિવસ ગીત ગાતી રહે દાદીની ઓઢણી.
કેટલાય વરસો લાલ લીલી નીલી પીળી રહી ,
કાળ ચોઘડિયે ધોળી ધખ દાદીની ઓઢણી.
પાનેતર,ઘરચોળું ને લાજનો ઘુમટો,બુકાની,
નિત નિત રૂપ સ્વરૂપ બદલે દાદીની ઓઢણી.
હાથ લૂછે,પરસેવો લૂછે ને બજરના રેલા લૂછે
કેટકેટલી કામઢી રહેતી દાદીની ઓઢણી .
લીલી વાડી જોઈ ને હરખનો ઓડકાર લઈ,
ક્ષરમાંથી અક્ષરસ્વરૂપ થાય દાદીની ઓઢણી.
ભરત વૈષ્ણવ
૨૭.૨.૨૯૨૧# કાવ્ય

# ગમે તે ઊંમરની મળે તેને પરણી જા, નહીંતર લીલ પરણાવવી પડશે-રાજુને અમારું અલ્ટિમેટમ!!!

" રાજુ તારો બાયો ડેટા-રીઝયુમ કયાં છે??"મે આજે ઉલ્ટી ગંગા વહાવી .હું રાજુ રદીને ઘરે ખાબક્યો. તૂટેલી ખાટલીમાં ડુક્કરની જેમ રાજુ ઘોરતો હતો. તેનું મેલું ગોદડું ગટર ગંગાની દુર્ગંધની ગરજ સારતું હતું. તેના વાળ શાહુડીના પીંછા જેવા ઉભા થઇ ગયેલા.મેં તેવું ગોદડું ખેંચ્યું. ગોદડામાંથી ખાંડી ધૂળ ઉડી. ગોદડું બનાવ્યા પછી લગભગ ધોયું નહીં હોય. આમ, રાજુ રદીએ ૦જળ એ જીવન છે. પાણી બચાવો, પાણી તમને બચાવશે 'ને ચરિતાર્થ કરેલું. ગેંડા જેવો રાજુ આંખ ચોળતો ઉભો થયો?

" ગિરધરભાઈ આવો. શું કામ હતું? તમે શું કામ તસ્દી લીધી?મને બોલાવી લીધો હોત તો??" રાજુએ પ્રશ્નોના બુકેથી મારું સ્વાગત કર્યું.

" રાજુ. કોક દિવસ તો તારા ઘરની ચા પીવાનો લ્હાવો લેવો જોઇએ કે નહીં??" મેં પણ રાજુને સવાલથી કોથળામાં પાંચશેરી ફટકારી.

" મમ્મી હાઇકલાસ ચા બનાવ. ગિરધરભાઈએ આપણું આંગણું પાવન કર્યું . ધનભાગ આપણા કે ગિરધરભાઇ આપણે ત્યાં? પધાર્યા." રાજુ રદીંએ તેની માને સૂચના આપી . તેની મા 'ગિરઘરભાઇ જે શ્રી કરશણ 'કહેતા ચા-નાસ્તો મુકી ગયા.

" બોલો, મારા બાયોડેટાની કેમ જરૂર પડી?? ક્યાંય નોકરી માટે આપવાનો છે??" રાજુએ ઓડિટર જનરલ જેવો સવાલ કર્યો.

" તારા બાયોડેટા નોકરી માટે નહીં પણ તારા હાથ પીળા કરવા માટે જોઈએ છે!!" " હું સીધો મૂળ વાત પર આવ્યો.

" કોઇ છોકરી તમારા ધ્યાનમાં છે??કેટલું ભણી છે? દેખાવમાં કેવી છે?? રંગરૂપે કેવી છે? હીરોઇન જેવી છે??" રાજુએ મકાઇ ફોડતા હોય તેમ તડતડ સવાલો કર્યા!"રાજુ. ધીરો પડ. અથરો થઈશ નહીં. બીપી વધી જશે તો છોકરી બાજુમાં રહેશે અને હોસ્પિટલમાં ઈનડોર પેશન્ટ તરીકે ટ્રિટમેન્ટ લેવી પડશે!!" મેં રાજુને સલાહ આપી!!

" આ મારો બાયોડેટા છે. જે કરો એ જલદી કરજો."

રાજુએ વિનંતી કરી.

" રાજુ. જૂના જમાનામાં રાજકુંવરી પરણવા લાયક થાય એટલે વરની શોધ કરવા સ્વયંવર યોજતા હતા. જેમાં દસ વરસના દૂધ પીતા રાજકુમારોથી લઇને સિતેર વરસના શરાબ પિનાર રાજા લાઇન લગાડતા. બિગ બોસ શોમાં ઘરના સભ્યોને ટાસ્ક આપવામાં આવે તે રીતે સ્વયંવરમાં આવેલા ઉમેદવારોને વીસ મિનિટમાં પાંચ કિલો લીલા વટાણા ફોલવા કે મેથીની ભાજીના પાંદડા ચૂંટવા જેવા ઘરેલું ટાસ્ક આપતા હતા. કેટલીક જગ્યાએ રાતના વાસણો માંજવા આપી વાસણ સાફ કરવાની સ્કિલની ચકાસણી કરવામાં આવતા હતા. બાકી મત્સ્યવેધ કરવા કે શિવજીનું ધનુષ ઉપાડવા જેવા પીએચડી પ્રકારના ટાસ્ક રાજકુમારીને કુંવારી રાખવા માટે જ રાખવામાં આવતા હતા!! જો કે ક્યારેય રાજકુમારો માટે કન્યા પસંદ કરવા સ્વયંવધૂ કાર્યક્રમો રાખવામાં આવતા હોવાના દસ્તાવેજી પુરાવા મળતા નથી. અત્યારે શાકભાજી લેવો જતો યુવક શાકવાળના પ્રેમમાં ઊંધેકાંધ પડે છે તેન રાજકુમાર મૃગયા કરવા જાય તો ભલે દેડકો મારી ન આવે પણ કોઇ કુમારિકાના નયનબાણથી ઘાયલ થઈને આવતા હતા. છોકરીઓ પણ ઓછી ન હતી. બાણાસુરની પુત્રી ઓખાને પ્રદ્યુમ્ન ગમી ગયેલો. ઓખાએ તેની અંતરંગ સંખી ચિત્રલેખાને જણાવેલ.ચિત્રલેખાએ કૃષ્ણ ભગવાનના પૌત્ર પ્રદ્યુમ્નને ખટિયા સાથે કીડનેપ કરાવેલ. જગતમાં એકમાત્ર મહિલા દ્વારા પુરૂષના અપહરણની પહેલી અને છેલ્લી ઘટના કમ દુર્ઘટના હતી!!" અમે ઐતિહાસિક તથ્યો રજૂ કર્યા!!

" ગિરધરભાઇ આપણે ક્યારે જવાનું છે??" રાજુની આંખમાં ડાળીએ વળગવાની આશાનો છેલ્લો ચમકારો હતો!!

" અમદાવાદ શહેરમાં પણ એક અનોખો સ્વયંવર યોજાશે. ૫૫ વર્ષની 'કન્યા' ૫૫થી ૬૦ વર્ષના વિધુર અથવા ડિવોર્સી ઉમેદવારોમાંથી 'મુરતિયો' પસંદ કરશે. રવિવારે પાલડી સવારે ૮થી ૧૨ કલાક દરમિયાન આ અનોખા સ્વયંવરનું આયોજન કરાયું છે, જેમાં ઈચ્છુક ઉમેદવારોને બાયોડેટા, ફોટો તથા જન્માક્ષર લઈ હાજર રહેવા જણાવાયું છે અને એની ચોક્કસ નોંધ લેવી કે ઉમેદવારે મહાભારતની જેમ મત્સ્યવેધ કરવાનો નથી. જ્ઞાતિ કે ભણતરનો કોઈ બાદ નથી.જો કે આખરી પસંદગી વિવાહોત્સુક યુવાન વૃધ્ધાની રહેશે. રાજુ તું ફોર્મ ભરી રવિવારે પહોંચી. ખાડામાં પડેલા તારા ગ્રહો જોર કરતા હશે તો તારા પર પસંદગીનો કળશ ઢોળાશે. " અમે રાજુને લગ્નનું ગાજર દેખાડ્યું.

" ગિરધરભાઇ. હું પિસ્તાળીસ વરસનો કાચી કાકડી જેવો કુંવારો ને કન્યા( અરે ભાઇ ઘરચોળું ન પહેરે ત્યાં સુધી સિતેર વરસની સ્ત્રી પણ કન્યા કહેવાય!) પંચાવન વરસની. કયાં મેળ પડશે??"રાજુએ સમસ્યા કહી.

" રાજુ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય. સચિન કરતા અંજલિ દસ વરસ મોટી છે. પયંગ્મબર સાહેબ કરતાં ખદીજા બીબી પંદર વરસ કરતાં મોટા હતા. આવું બધું કરીશ તો અમારે તારા મર્યા પછી તું કુંવારો હોવાના કારણે લીલ ( મરનાર કુંવારો હોય તો તેના આત્માની સદગતિ માટે વાછડી અને વાછરડાંનાં શાસ્ત્રોક્ત રીતે લગ્ન કરવા તેને સૌરાષ્ટ્રમાં લીલ પરણાવી તેમ કહેવામાં આવે છે!) પરણાવવી પડશે!!" મેં કહ્યું ડીગ્રી કોન્વોકેશન સમયે વિધાર્થી ડીગ્રીના રોલ સાથે કૂદે અને કેપ હવામાં ઉછાળે તેમ રાજુ કૂદ્યો.

મેં સસ્મિત વદને રાજુ રદીના ઘરમાંથી વિદાય લીધી!!

ભરત વૈષ્ણવ
૨૭.૨.૨૦૨૩.

# ૧ માર્ચ, "શૂન્ય ભેદભાવ દિવસ"

## સમાનતા એ જ મહાનતા



શૂન્ય ભેદભાવ દિવસ યુનાઈટેડ નેશન્સ એઈડ્સ પ્રોગ્રામ (યુ એન એઈડ્સ) દ્વારા મનાવવામાં આવે છે. આ દિવસ દર વર્ષે ૧ માર્ચે ઉજવવામાં આવે છે. પહેલી વખત આ દિવસ ૨૦૧૪માં ઉજવવામાં આવ્યો હતો. સમાજમાં આવક, લિંગ, વય, આરોગ્યની સ્થિતિ, વ્યવસાય, અપંગતા, જાતીય સતામણી, ડ્રગનો ઉપયોગ, જાતિની ઓળખ, વર્ગ, જાતિ અને ધર્મનાં આધારે થતી વિવિધ અસમાનતાને સમાપ્ત કરવા તેમજ જાગૃતિ લાવવા માટે શૂન્ય ભેદભાવ દિવસ મહત્વપૂર્ણ છે.

ઝીરો ડિસ્ક્રિમિનેશન ડે ઉંમર, લિંગ, લૈંગિકતા, રાષ્ટ્રીયતા, વંશીયતા અને રંગને ધ્યાનમાં લીધા વગર, બધાના અધિકારોને પ્રોત્સાહિત કરવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ મહિલાઓ અને યુવતીઓના શિક્ષણ, આરોગ્ય અને રોજગાર ક્ષેત્રે તકની સમાનતા તેમજ ગૌરવ સાથે જીવન જીવવાના અધિકાર માટે અવાજ ઉઠાવવાનો છે. આજે ભારતમાં આઝાદીનાં ૭૫ વર્ષો પછી પણ વિભિન્ન પ્રકારનાં ભેદભાવો જોવા મળે છે. ભારતમાં વિવિધ જાતિ, જ્ઞાતિ અને ધર્મનાં લોકો રહે છે. તમામને પોતાની સંસ્કૃતિ છે, પહેરવેશથી લઈને બધાનું ખાનપાન પણ જુદા જુદા પ્રકારનું હોય છે. આમ તો ભારત દેશને 'વિવિધતામાં એકતા'નાં સૂત્રથી બાંધી રાખવામાં આવ્યો છે, પરંતુ આ બંધન મનથી કેટલે અંશે છે ? લોકો શું ખરેખર બધાને સમાન માને છે ? આખરે તો બધા માણસ જ ને તો માણસાઈનો ધર્મ બધાં ધર્મ કરતાં ઉચ્ચ છે એવું સમજનારો અને પછી તેને અનુસરનારો વર્ગ હજુ પણ ઓછો છે.

જો કે ભારત એક એવો દેશ છે જ્યાં યુવા વર્ગ સૌથી વધુ છે અને તેઓ શિક્ષિત છે. ભવિષ્યની પેઢી સમજતી થઈ છે, સર્વને સમાન ગણતી થઈ છે એમાં નકારવા જેવું નથી, પરંતુ યુવાનીનાં જોશમાં તરત જ હોંશ ગુમાવી બેસતા યુવાનો વિવાદોમાં પણ ક્યાંક મોખરે આવી જાય છે. દેશને એકસૂત્રમાં બાંધવા માટે સર્વને સમજવાની જરૂર છે અને બીજું કશું જ યાદ ન રાખતા તમામ માણસ જ છે એ સત્યને અંતરમનથી સ્વીકારવું જોઈએ.

સમાનતા એ જ મહાનતા

## 'નામ બદલો આયોગ'ના ગઠન કરવા મુદ્દેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી, 'હિન્દુત્વ એક જીવનશૈલી છે, તમે વિવાદ ઉભો કરવા માંગો છો'

નવીદિલ્હી,તા.૨૭

દેશના ધાર્મિક સ્થળો, પુરાતત્વીય સ્થળો અને મહત્વના સ્મારકોના નામ બદલવા માટે કમિશન બનાવવાની માંગને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. 'નામ બદલો આયોગ'ની માગણી કરતી કોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી, જેને ફગાવી દેવામાં આવી છે. આ સાથે બેન્ચે કહ્યું કે ભારત એક ધર્મનિરપેક્ષ દેશ છે અને હિંદુત્વ એ જીવન જીવવાની રીત છે, જેમાં દરેક વ્યક્તિનો સમાવેશ થાય છે.

એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની અરજી પર બેન્ચમાં સામેલ જસ્ટિસ કેએમ જોસેફ અને બીવી નાગરત્ને કહ્યું કે આના કારણે દેશમાં અરાજકતાની સ્થિતિ ચાલુ રહેશે અને વિવાદિત મુદ્દાઓ હંમેશા જીવંત રહેશે. બેન્ચે કહ્યું કે એ વાત સાચી છે કે આપણા દેશ પર હુમલા થયા અને સત્તા વિદેશી દળોના હાથમાં રહી. પણ આપણે ઈતિહાસનો માત્ર એક ભાગ વાંચી શકતા નથી, તેને સંપૂર્ણતામાં જોવો પડશે. આ સાથે ખંડપીઠે કહ્યું કે આપણો દેશ ધર્મનિરપેક્ષ છે અને હિંદુ ધર્મ એક જીવનશૈલી છે, જેમાં દરેક વ્યક્તિનો સમાવેશ થાય છે. ન્યાયાધીશોએ કહ્યું કે દેશના ઈતિહાસને એવી રીતે ન જોવો જોઈએ કે તે વર્તમાન અને ભાવિ પેઢીને ડરાવે.

હકીકતમાં, આ મહિનાની શરૂઆતમાં ઉપાધ્યાયે જાહેર હિતની અરજી દાખલ કરી હતી. જેમાં તેમણે માંગ કરી હતી કે કોર્ટ કેન્દ્ર સરકારને 'નામ બદલો આયોગ'ની રચના કરવાનો આદેશ આપે. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે આ કમિશન દ્વારા તે સ્થળો, સ્મારકો અને શહેરોના નામ બદલવા જોઈએ, જે વિદેશી લોકોએ દેશમાં આક્રમણ કર્યું હતું. પીઆઈએલમાં કહેવામાં આવ્યું હતું કે તાજેતરમાં જ સરકારે મુગલ ગાર્ડનનું નામ બદલીને અમૃત ઉદ્યાન કર્યું છે. પરંતુ આ પછી પણ ઘણા રસ્તાઓના નામ બદલવામાં આવ્યા નથી, જે આક્રમણકારો ઉપર છે. એટલું જ નહીં, ઉપાધ્યાયે કહ્યું કે આ રીતે સ્મારકો અને સ્થળોના નામ આક્રમણખોરોના નામ પર રાખવામાં આવ્યા છે. તે આપણા સાર્વભૌમત્વ અને નાગરિક તરીકેના નાગરિક અધિકારોની વિરુદ્ધ છે. એટલું જ નહીં, પીઆઈએલમાં કહેવામાં આવ્યું હતું કે કોર્ટ એએસઆઈને સંશોધન કરવા અને તમામ સ્મારકો અને શહેરોના જૂના નામોની માહિતી મેળવવાનો આદેશ પણ આપી શકે છે. આ પછી, તે નામોના આધારે જ નામકરણ નવેસરથી કરવું જોઈએ. તેમણે કહ્યું કે આજે દેશ આઝાદીની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે, પરંતુ હજુ પણ ઘણી જગ્યાઓ આક્રમણખોરોના નામ પર છે.

### કાબુલમાં મહિલાઓના એક જૂથે તેમના મૂળભૂત અને મહિલાઓના અધિકારો માટે લડવા માટે ક્રાંતિની જાહેરાત કરી

કાબુલ,તા.૨૭

ઓગસ્ટ ૨૦૨૧ના રોજ તાલિબાને અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યો હતો, ત્યારબાદ તાલિબાને મહિલાઓ પર તમામ પ્રકારના પ્રતિબંધો લાદી દીધા હતા. મહિલાઓને ભણવા અને નોકરી કરતા અટકાવ્યા. પરંતુ હવે શનિવારે કાબુલમાં મહિલાઓના એક જૂથે તેમના મૂળભૂત અને મહિલાઓના અધિકારો માટે લડવા માટે ક્રાંતિની જાહેરાત કરી છે.સ્થાનિક અહેવાલો અનુસાર, મહિલાઓ સ્વતંત્રતા, છોકરીઓના શિક્ષણ અને મહિલાઓ માટે નોકરીઓ પર તાલિબાન દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવવાની માંગ સાથે કાબુલના રસ્તા પર ઉતરી છે. આયોજકોમાંના એક ડોન્યા સફીના જણાવ્યા અનુસાર, ચળવળનો ઉદ્દેશ્ય નાગરિકો, ખાસ કરીને મહિલાઓના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાનો છે, કારણ કે નાગરિકો માટે મૂળભૂત અધિકારોની પહોંચ અત્યંત જરૂરી છે.એક સ્થાનિક ચેનલ સાથે વાત કરતા એક પ્રદર્શનકારી મહિલા સફીએ કહ્યું કે અમે મહિલાઓ સામેના અન્યાય અને અસમાનતા સામે લડવા માટે આ અભિયાન શરૂ કર્યું છે. સફીએ વધુમાં કહ્યું કે આંદોલનના સમર્થકોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મહિલાઓના અધિકારો માટે લડી રહેલા ઘણા ભૂતપૂર્વ સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે.

સફીના મતે મહિલાઓના યોગદાનથી જ સમાજ પ્રગતિ કરી શકે છે. પરિણામે, જો મહિલાઓ સમાજમાં યોગદાન નહીં આપે તો સમાજ પ્રગતિ કરી શકશે નહીં. દેશની પ્રગતિમાં મહિલાઓની આવશ્યક ભૂમિકા હોવા છતાં, વર્તમાન તાલિબાન સરકારમાં મહિલાઓને ભાગ લેવાની મંજૂરી નથી.તાલિબાન દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે અફઘાન મહિલાઓ શિક્ષણ જેવી મૂળભૂત બાબતોને લગતા પડકારોનો સામનો કરી રહી છે.

## "વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ" – ઉમાશંકર જોશી

## ખેતરમાં પેદા થતા અનાજમાં પશુ, પક્ષીઓનો પણ ભાગ – ઋગ્વેદ

"વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ ; વીંધાય છે પુષ્પ અનેક બાગનાં ; પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની! જીવો તણી કાય મૂંગી કપાય છે! કલેવરો કાનનનાં ઘવાય છે! " કવિ ઉમાશંકર જોશીની આ પંક્તિઓ ભારતીય સંસ્કૃતિનાં આત્મા સમાન સહજીવનની વાત સચોટ રીતે સમજાવી જાય છે. વિશ્વએ વિકાસ પાછળ લગાવેલી દોટમાં ક્યાંકને ક્યાંક પર્યાવરણ ભૂલાયું હતું, પરંતુ વર્તમાન સમયમાં પર્યાવરણ પ્રત્યે સભાનતા આવી રહી છે, તે આનંદની વાત છે પરંતુ આટલું પુરતું નથી. પર્યાવરણ બચાવવા દરેક વ્યક્તિએ પ્રયત્નો કરવા પડે છે. રોજીંદા જીવનમાં બદલાવ લાવી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવો, વીજળીની બચત કરવી, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો, કચરો જયાં-ત્યાં ફેંકવો નહીં,



અન્નનો બગાડ કરવો નહીં, ઘોંઘાટ કરવો નહીં, ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીએ અને તેનું જતન કરવું એટલું જ પુરતું નથી. સૃષ્ટિનું બેલેન્સ જાળવવા માટે પશુ, પક્ષી અને પ્રાણીઓ પણ એટલા જ મહત્વનાં છે. આ કેવી વિડંબણા કહેવાય. ભારત દેશમાં તો પશુ, પક્ષી, પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્?મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ધુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા. પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે? આપણા શાસ્ત્રોમાં પણ એમનાં મહત્વ અને જતન માટે કેટલી વિશેષ બાબતો લખી છે.

ઋગ્વેદ અનુસાર ખેતરમાંથી પેદા થતાં અનાજના વિવિધ ભાગ બતાડવામાં આવ્યા છે જેના પર અલગ અલગ જાતિઓનો અધિકાર દર્શાવવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તૈયાર અનાજ નીચેનો ભાગ ભૂમિ માટે, અનાજ લળીયા પછીનો ભાગ પશુ માટે, તૈયાર અનાજની પહેલી કુંડી અગ્નિ માટે, પહેલી એક મુઠ્ઠી પંખીઓ માટે, દડાવ્યા પછી એક મુઠ્ઠી લોટ કીડીઓ માટે, પહેલી રોટલી ગાય માટે,પહેલી થાળી વડીલો માટે પછી ની થાળી આપણા માટે, છેલ્લી રોટલી કુતરા માટે છે એવું શીખવવામાં આવ્યું છે. આ છે સનાતન સંસ્કૃતિ. જેને કેટલે અંશે અનુસરવી એ તો માણસનાં જ હાથમાં છે. 'કશું ન થાય તો મારાથી ઓછામાં ઓછુ કોઈ પશુ, પક્ષીને નુકસાન તો જ ન થાત' એવો પ્રણ સૌ કોઈએ લેવો જોઈએ. વર્તમાન પેઢીને તો જે સમજાયું એ અને જે ગ્રહણ કર્યું એ પણ આવનારી પેઢી એટલે કે બાળકોને તો ગળથૂથીએ જ પશુ સેવા, ગૌ સેવાનાં સંસ્કાર આપવા જોઈએ જેના કારણે ભારતનું ભવિષ્ય સાચા અર્થમાં ઉજળું થઈ શકે.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO. : 0034
વિષય : આત્મમંથન
વિભાગ : પદ્ય
શીર્ષક : નીલકંઠને તો વિષ મળ્યું છે
શોધું ભીતર, તત્વ ક્યાં જડ્યું છે,
જગ કરતાં સ્વંયને 'હું' નડ્યું છે.
સત્-અસતની લડાઈ યુગોથી છે,
દ્રૌપદીનાં ગાલેથી અશ્રુ દડ્યું છે.
ચાડિયો-ચાડિયણ ઊભાં ખેતર વચ્ચે,
બીજ કો'ક છેક ભૂમિમાં સડ્યું છે.
નિત નવી મૃગતૃષ્ણાઓ દોડે,
ભાગ્યનું સ્ટેચ્યુ ઈશ્વરે ઘડ્યું છે.
દોરા-ધાગા, મંત્ર-તંત્ર લાખ કરો,
કરમનું લખેલું  કોઈ'દી ટળ્યું છે!
મંથન હો આતમનું કે સમુદ્રનું,
નીલકંઠને તો વિષ જ મળ્યું છે!
ભગ્નાવશેષો સાંધતી ફરે ×રુહ×,
મદડું ચિતાએ ખુદ ચડ્યું છે!
--ડૉ. રેખા શાહ
*******************************

NOG SS. No. 39
વિષય - આત્મમંથન
પ્રકાર - પદ્ય - અછાંદસ
શીર્ષક - મનોમંથન
તારીખ - ૨૭- ૨ -૨૩
જીવન આખું કરવું મંથન એ પ્રભુનું કેવું વરદાન છે!
મથ્યા કરવું ડગલે પગલે, એ જીવનનો ગુઢાર્થછે!
નથી રાખ્યું નામ મંથન તોય જીવન બન્યું મંથન!
પ્રેમ, આદર ને સમર્પણ લે-આપનું મનોમંથન!
ખૂલે ભાગ્ય ને જન્મે લાગણીઓ, ઉમટે સંવેદનાઓનું મંથન!
કરું મંથન ને પામું સત્યમ્, શિવમ્, સુંદરમ!
હોય મંથન સત્યનું તો ગાંધી બનવું સહેલું નથી!
હોય મંથન આત્માનું તો પરમને પામવું અઘરું નથી!
છિન્ન ભિન્ન કરી નાંખે મન, વિચારોનું તીવ્ર મંથન!
ઘેલો બની જાય માણસ, હોય વેદનાઓનું મંથન!
સમુદ્રમંથન કરીને શિવજી અમૃત પામે!
આત્મમંથન કરીને માણસ જીવનનો અર્થ પામે!
મૃત્યુનો મહિમા કરાવે મન કરે જો મંથન!
જીવન-મૃત્યુ બંને શણગારે સાચું કરીએ મંથન!
પ્રફુલ્લા 'પ્રસન્ના'
*********************************

NOG SS NO - 0050
વિષય - આત્મમંથન
વિભાગ - પદ્ય મૌલિક
વિષય - કરું મંથન.
તા - ૨૭/૨/૨૦૨૩
....................................
પળ બે પળ તું બેસ ને પાસે..! સ્મૃતિ પટ પર યાદોનું વલોણું કરું..!
ને એજ યાદોનું વાવેતર કરું પાછું..?
એને કરી અર્પણ મારું મનોમંથન..!
પ્રકાશ પડેલી લીલુડી ધરતી પર..!
જર્જરિત સંબોધોને ભેગાં કરી મંથન કરું છું ..!
ને એકલતાનો હિસાબ કરું...!
ત્યારે સંબંધોનાં ઉજરડાઓને ભેગાં કરી જોડું માંડ માંડ..!

આત્મમંથનથી ઉજાસ કરું..! ને મારા આંતરનાદના તડકાનું લઈસભર મંથન કરીને..! મનુષ્યનાં બાહ્ય ને આંતર વાસ્તવ  તરફ વળું છું..! આંતરિક બેઠી સમય આજ..!

શ્વાસની ખેંચે લગામો તો..! આંખો જગતમાં ભમી રહી છે..!
જાણે એક હું કે મારા હાથમાં દુનિયાની આબરૂ છે...!
બીજી તરફ છે મારી સંવેદનાઓનો સાદ...!
મારી આંતર ઝંખના ખનાઓનો નાદ...!
મારા અનુપમ સુખનો અહેસાસ છે...!
ને એક તરફ સુખોની અક્ષૌહીણી સેના છે ..!
હૃદયે વસ્યું આત્મમંથનને મેળ લેતો મુજ તત્ત્વો..!
વિશ્વ થી છૂટે  મોહ , ઉડયનઓ મોક્ષ માર્ગ અનેરો..!
રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.
*********************************

NOG:SS:NO.:0101
વિષય : તમારું અંતર મંથન
પ્રકાર: ગદ્ય પદ્ય-અછાંદસ
શબ્દો: ૧૫૯
શીર્ષક : બ્રહ્મસંબંધ

પ્રભુ, તું દિલની અંદર આ બહાર કોણ ટકોરા મારી રહ્યું છે? બાહ્ય મનમાં આ પડઘો સદાય સંભળાતો રહે. જ્યારથી સમજાયો છે તું, તારા મિલનની પ્યાસ સતત રહે છે. પ્રભુ પાસે જવાનો માર્ગ કયો? ભલે હોય અંતરમાં પણ ફંફોસવો કઈ રીતે? આ દ્વિધા, અંતરમનનમાં રહે.

ત્યારે એક ગેબી અવાજ આવ્યો, જોડા મારી સાથે.

કેવી રીતે?

જવાબ મળ્યો, પુષ્ટિ રાહે, વલ્લભ વંશના ગુરુદ્વારા. મને મળ્યો માર્ગ જોડાયો બ્રહ્મસંબંધે, ત્યારથી મળી તારી સેવા, તું મળ્યો તે પહેલાં મારા ચિત્તમાં જે રવ ઊઠતો તે ભાવ અભિવ્યક્તિનું અહીં નિરૂપણ કર્યું છે.

વીત્યાં વર્ષો આમ અપરિમિત,
પ્રભુવિયોગ કેમ ખમાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
ભૂલ્યા ભાન થયા અપરિચિત,
તાપ કલેશ આનંદ વિસરાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
વલ્લભે કર્યા બ્રહ્મસંબંધિત,
અંશ-અંશી જોને હરખાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
થયાં કર્મો ઈંદ્રિયો અર્પણિત,
હવે ભજનાનંદમાં ડુબાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
થવું અહંતા-મમતારહિત,
ત્યારે સેવામાં પહોંચાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
આલોક પરલોક સમર્પિત,
'ભરત' કહે હું તારો કહેવાય રે,
માધવમિલન ક્યારે થાય રે!
★ભરત સાંગાણી★
તા.૨૭/૦૨/૨૦૨૩.
*********************************

NOG:SS:NO:136
વિષય અંતર મંથન
પ્રકાર : પદ્ય મૌલીક રચના
શીર્ષક અંતર મંથન
શબ્દો :૬૭
'અંતર મંથન!'...........
અંતર મંથન હું સદાય કરતી રહુ છુ,
મનને સદાય હું પૂછતી રહુ છું.
શું કામ બીજાની પંચાયત કરુ છું,
કોઈની ખરી ખોટી કરતી રહુ છું.
મંથન તો તું કરી રહી છું,
અમલ ક્યાં તુ કરી રહી છું.
ઈશ્વરને તુ ઉલ્લુ બનાવી રહી છું,
પોતાની જાતને તુ હોશિયાર માની રહી છું.
મંથન તો તુ ભલે કરી રહી છું,
નકારાત્મક વિચારોને માન આપી રહી છું.
હિમાંશી પંડિત.........
*********************************

NOG SS No: 001
પ્રકાર: ગદ્ય
શીર્ષક : અંતર મંથન
વિષય : આત્મ ખોજ

મનમાં જ્યારે પણ સમય મળે ત્યારે નવી નવી આત્મા ખોજ કરવાના વિચાર આવે અને અંતે તો કંઈકનું કંઈક નવું અંતર મન થકી પરિણામ તો જોવા મળે..

વિચારોના વલોણામાં સાહિત્યની આવેલ વિવિધ રચનાઓ ના શબ્દો થકી કંઈક નવું લખવાનું મન થાય અને વિચાર મંથન ઉપર કંઈક લખાઈ પણ જાય. અંતર મનની એક અભિલાષા એવી ખરી કે ક્યારેય કોઈ સર્જક થી હરીફાઈ નહીં પણ કંઈક ને કંઈક નવું શીખવા મળે અને રચના બની જાય. માન સન્માન અને સ્વ સહજ સ્વભાવને બાજુમાં મૂકી કોઈ સર્જકનું અપમાન મારાથી ન થાય તે અંતર મનની એક અભિલાષા ખરી.. ભલે વિવિધ સાહિત્યિક મેળાવડા થાય કાર્યક્રમો થાય રચનાઓના સ્વરાંકન થાય અને વિવિધ વિશેષ વ્યક્તિત્વ રજૂ કરતા સર્જકો પણ જોવા મળે તેનો આનંદ જરૂર થાય પણ ક્યારેય તેની સાથે હરીફાઈમાં નહીં ઉતારવું તે પણ અંતર મનની મારી એક અભિલાષા ખરી..

સંચાલક : પ્રદીપ રાવલ
*********************************

NOG.SS.No.0098
વિષય:- આત્મ મંથન
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- સંતોષ

મિત્રો આત્મ મંથન એટલે શું?

પોતાના દ્વારા કર્યું કાર્ય. સહી અથવા ગલત ના વિવાદોથી ઘેરાયલા વિચારો ને શાંત ચિત્તે નવરાશના પળમાં પોતાની આત્માને મથવું. આત્માથી નીકળેલી આવા જ ને સાંભળવું.

મિત્રો આપણે ભગવાન નથી . માનવ છીએ .માનવ થી તો ભૂલો થાય. પણ આપણે આત્મમંથન કરીએ તો સરસ પરિણામ જોવા મળે છે.

આવું જ એક બનાવો મારા જીવનમાં પણ બન્યો હતો. અમારા બાજુવાળા ઘરમાં એક કામવાળી બાઈ હતી જેમનું નામ રમીલાબેન હતું એ ઘણા વર્ષોથી એમનું કાર્ય કરતી હતી એટલે અમે પણ ઓળખતા હતા. એક વખત કામ કરતા કરતા એ મારી પાસે આવી ને કહેવા લાગી મારા છોકરાની ફીસ ભરવાની છે ભાભી તો મને મદદ કરો. મેં એમને ચોખ્ખી ના પાડી તું જ્યાં કામ કરે છે ત્યાંથી લે એ રડવા લાગી ને કહેવા લાગી મારુ ફેક્ચર થયું હતું એટલે મારું ઘણા બધા ઘરનું કામ છૂટી ગયું છે અને કોઈ મને મદદ કરવા તૈયાર નથી એટલે હું તમારી પાસે  બહુ આસ લઈને આવી છું. તોય મેં ના પાડી દીધી

રાત્રે જ્યારે હું સુવા ગઈ ત્યારે પોતાની જાતને હાથમાં મંથન કર્યું અને ઘણા બધા સવાલો થી ઘેરાઈ ગઈ કેમ રમીલાને ચોખ્ખી ના પાડી દીધી. બધાના ઉપર મુસીબત આવે છે મુસીબતમાં સાત કેમ નથી આપતી ફી ના પૈસા માટે મદદ માંગી હતી. છોકરાનું વરસ બગડી જવાનો હતું . આત્મ મંથન થી મને જવાબ મળી ગયો બીજા દિવસે એમણે બોલાવીને મેં એમને ફી ભરવાનો રકમ આપી કેમ કે તે ફી ભરવાનો છેલ્લો દિવસ હતો એ ફી ભરીને રસીદ પણ મને બતાવવા આવી એના ચહેરા પર જે ખુશી નું સંતોષ ભાવ હતો તે શબ્દોમાં કહેવાય નહીં પણ હા મારા મનમાં જે રમીલાને ના પાડવાથી બોજો હતો તે આત્મમંથનથી હળવો થઈ ગયો ને જેટલી ખુશી રમીલાને હતી એનાથી વધારે મારા મનમાં સંતોષ થયો હતો. અને સૌથી વધારે ખુશીની વાત તો જ્યારે એનો છોકરો પાસ થયો તો તે મીઠાઈ લઈને મને પગે લાગી? .અને જે આનંદ એમના ચહેરા પર હું અનુભવતી થી એનાથી પણ વધારે આનંદ અને સંતોષ મને મળ્યો હતો.

મિત્ર કહેવાનો અર્થ એ છે કે આપણે બીજાના કાર્ય પર વધારે ધ્યાન આપીએ છીએ એના કરતાં પોતાના કાર્ય નો આત્મમંથન કરવું જોઈએ.

લીના શર્મા...
હાલોલ..

## જી.સી.સી.આઈ દ્વારા "કામધેનુ વૈદિક હોળી" વિષય પર ઝૂમ મિટિંગનું આયોજન

### રાજાસિંઘ (અયોધ્યા) માર્ગદર્શન આપશે.

### વૈદિક હોળી પ્રગટાવવાને કારણે ગૌવંશના સંવર્ધનની સાથે પર્યાવરણનું જતન થશે.- - ડો.કથીરિયા






જી.સી. સી. આઈ. (ગ્લોબલ કંફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈંડસ્ટ્રીઝ) દ્વારા કામધેનુ હોળી, ગોમય કલરના વિષય પર ઝૂમ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટિંગમાં મુખ્ય વક્તા તરીકે જી.સી.સી.આઈ ના ટ્રેઈનર રાજાસિંઘ (અયોધ્યા) પોતાનું માર્ગદર્શન આપશે. આ ઝૂમ મિટિંગમાં તારીખ ૦૧/૦૩/૨૦૨૩ ને બુધવારના રોજ બપોરે ૧૧ : ૦૦ થી ૧૨ : ૦૦ કલાક દરમિયાન ઝૂમ https://meª.google.com/cze-dxhh-mjુ દ્વારા જોડાઈ શકાશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગૌમાતા, ગૌશાળાને સ્વાવલંબી બનાવવા માટે વૈદિક હોળી મહત્વનું યોગદાન આપી શકે છે. એટલું જ નહી ગૌમય કાસ્ટથી તૈયાર થતી વૈદિક હોળી પ્રગટાવવાથી પર્યાવરણને મોટો લાભ થાય છે. વૈજ્ઞાનિક ઢબે જોઈએ તો, ગૌમય કાસ્ટ પ્રગટાવવાને કારણે વાતાવરણમાં ઓકિસજનની માત્રા વધે છે. વાતાવરણમાં ઈથીલીન ઓકસાઈડ, પોપીલીન ઓકસાઈડ છૂટા પડે છે. ઓપરેશન થિયેટરમાં બેકટેરીયાનો નાશ કરવા આ બન્ને ઓકસાઈડનો ઉપયોગ થાય છે. તેની સામે લાકડાનું આંધણ કરવાથી કાર્બન ડાયોકસાઈડની ચિંતા રહે છે અને પ્રદૂષણનો પ્રશ્ન વકરે છે. વૈદિક હોળી પ્રગટાવવાને કારણે ગૌવંશના સંવર્ધનની સાથે પર્યાવરણ જતનનો હેતુ પણ સિધ્ધ થાય છે.

છાણાનો ઉપયોગ હોલિકા દહનમાં લાકડાની જગ્યાએ કરવામાં આવે છે. તેમાંથી પર્યાવરણનું જતન થાય પ્રદૂષણથી મુકિત મળે તે માટે કરાય છે. ગૌમાતાના ગોબરમાં લક્ષ્મીજીનો વાસ છે. ગોબરમાંથી અગ્નિ પ્રગટ થાય એટલે વાતાવરણ શુધ્ધ થાય છે. ઓકિસજન શુધ્ધ મળે છે જેના અનેક વૈજ્ઞાનિક પ્રમાણો પણ દિન-પ્રતિદિન મળતા ગયા છે. જેનાથી પાંજરાપોળને ફાયદો થાય છે અને વૃક્ષો ઓછા કપાય છે. જયારે હોળી 'વૈદિક' રીતે કરવામાં આવે તો તેમાં ગાયના છાણા, ગાયનું ઘી, કપૂર, હવન સામગ્રી, નવ ઔષધિઓનો ઉપયોગ કરવાથી વાતાવરણમાં વાઈરસને નિયંત્રણ કરી શકાય છે.

સમગ્ર રાષ્ટ્રમાં વૈદિક હોળી મનાવવા માટે જી.સી.સી.આઈ.ના ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, મિતલ ખેતાણી, પુરીશકુમાર, અમીત ભટનાગર દ્વારા દેશવાસીઓને અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે

## દિલ્હી હાઈકોર્ટની સ્પષ્ટ વાત હસ્તક્ષેપ કરવાનો કોઈ મતલબ જ નથી, નહી બદલાય અગ્નિવીર ભરતી યોજના

નવીદિલ્હી,તા.૨૭

દિલ્હી હાઈકોર્ટે સોમવારે કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજનાને પડકારતી તમામ અરજીઓ ફગાવી દીધી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં અગ્નિપથ યોજનાને યોગ્ય ગણાવી હતી. આ રીતે કેન્દ્ર સરકારને દિલ્હી હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ સુબ્રમણયમ પ્રસાદની બેન્ચે અગ્નિપથ સ્કીમ પર સુનાવણી કરી હતી. કોર્ટે ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરે આ મામલે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ પછી જ નિર્ણયની રાહ જોવાઈ રહી હતી.

સશસ્ત્ર દળોમાં યુવાનોની ભરતી કરવા માટે ગયા વર્ષે ૧૪ જૂને અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાની શરૂઆત બાદ ઘણા રાજ્યોમાં તેના પર વિરોધ જોવા મળ્યો હતો. અનેક જગ્યાએ આગચંપીના બનાવો પણ સામે આવ્યા છે. તે જ સમયે, ઘણા લોકોએ આ યોજનાને રદ કરવા માટે કોર્ટનો સંપર્ક પણ કર્યો. અગ્નિપથ યોજનાના નિયમો અનુસાર, ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષની વય જૂથના લોકો સશસ્ત્ર દળોમાં ભરતી માટે અરજી કરી શકે છે. આ પછી નિમણૂક કરાયેલા ૨૫ ટકા લોકોને કાયમી નોકરી આપવામાં આવશે.

કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટમાં અગ્નિપથ યોજનાને સમર્થન આપ્યું હતું. અરજીઓને બરતરફ કરવાની માંગ કરતા કેન્દ્રએ કોર્ટને કહ્યું હતું કે બાહ્ય અને આંતરિક ખતરાઓનો સામનો કરી રહેલા ભારતના ક્ષેત્રની રક્ષા કરવા માટે ચપળ, યુવા અને તકનીકી રીતે મજબૂત સશસ્ત્ર દળોની જરૂર છે.

સરકારે વધુમાં એવી દલીલ કરી હતી કે યોજનાનો ઉદ્દેશ્ય એક યુવા લડાયક દળ બનાવવાનો હતો, જેને નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવે જે નવા પડકારોનો સામનો કરવા માટે શારીરિક અને માનસિક રીતે સક્ષમ હોય. હાઈકોર્ટે પોતાના નિર્ણયમાં કેન્દ્ર સરકારની અગ્નિપથ યોજના સાચી છે કે નહીં તે નક્કી કરવાનું હતું.

અરજીને ફગાવી દેતા હાઈકોર્ટે કહ્યું કે યોજનામાં દખલ કરવાનું કોઈ કારણ નથી.

## દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યૂ કોર્ટમાં રજુ કરાયા,આરોગ્યની તપાસ કરવામાં આવી

નવીદિલ્હી,તા.૨૭

ગઈકાલે દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા એક્સાઈઝ પોલિસી કેસમાં પૂછપરછ કરાયા બાદ સીબીઆઈએ ધરપકડ કરી લીધી હતી. જે બાદ આજે  મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતાં સીબીઆઇએ સિસોદિયાના પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી સીબીઆઇનું કહેવુ છે કે અમે કસ્ટોડિયલ પુછપરછ માટે પાંચ દિવસની પોલીસ કસ્ટડીની માંગ કરી રહ્યાં છીએ.બે સરકારી કર્મચારીઓ સહિત સાત આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામિાં આવી છે. સિસોદિયા સવાલોના સાચા જવાબ આપી રહ્યાં નથી સિસોદિયાના વકીલે જણાવ્યું હતું કે પુછપરછ થઇ ચુકી છે આથી રિમાન્ડની જરૂરત જ નથી

દરમિયાન મનિષ સિસોદિયાની ધરપકડ થયા બાદ આપના કાર્યકરોએ દેશભરમાં પ્રદર્શન કર્યા હતાં.આબકારી જાતિના ગોટાળામાં સીબીઆઇએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી સિસોદીયાની ધરપકડ કરતા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં આક્રોશ ફાટી નીકળ્યો છે અને દિલ્હી સહિત દેશભરમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા સુત્રોચ્ચાર સાથે ઉગ્ર દેખાવો કર્યા હતા. આ દેખાવા દરમ્યાન આમઆદમી પાર્ટીના કાર્યકરો પોલીસ સાથે બાખડી પડયા હતા.

આમઆદમી પાર્ટીના કાર્યકરોએ નારા લગાવ્યા હતા. જેલ કે તાલે તુટેંગે, મનિષ સીસોદીયા છુટેંગે. શરાબ કોન્ટ્રાકટમાં એકસાઇઝ પોલીસી કૌભાંડનો આરોપ લગાવીને સીબીઆઇએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાની ધરપકડ કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન તેમના પરિવારજનોને મળવા પહોંચ્યા હતા. જયાં તેમણે ભાજપ પર અનેક આરોપ લગાવ્યા હતા. આમઆદમી પાર્ટીના કાર્યકરોએ દિલ્હી સહિત દેશભરમાં ભાજપ કાર્યાલયને ઘેરાવ કરીને ભાજપ વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

સિસોદિયાની ધરપકડના વિરોધમાં આસામ અને ભોપાલમાં પણ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ ઉગ્ર દેખાવો કર્યા હતા. પોલીસની રોક છતા આપના કાર્યકર્તાઓ મુખ્યાલય પહોંચ્યા હતા અને નારા લગાવ્યા હતા. જેલ કે તાલે તુટેંગે, મનીષ સિસોદીયા છુટેંગે આપના ધારાસભ્ય જરનેલસિંહે જણાવ્યું હતું કે, પાર્ટીના નેતાઓ અને ધારાસભ્યોના ઘર પર પોલીસ લગાવી દેવાઇ છે. જે તેમને પાર્ટી મુખ્યાલય પર આવતા રોકી રહી છે. આપ ધારાસભ્યે હંકાર ભણ્યો હતો કે અમે ભાજપ મુખ્યાલય જવાન આજે અમને કોઇ તાકાત રોકી નહીં શકે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ,ગુજરાત સહિતના રાજયોમાં આપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યા હતાં અને ભાજપ પર સીબીઆઇના દુરૂપયોગનો આરોપ લગાવ્યો હતો. કેટલાક સ્થળોએ પોલીસ અને આપના કાર્યકરો વચ્ચે છુટાહાથની મારામારી થઇ હોવાના અહેવાલો છે. દિલ્હીમાં પોલીસ અને આપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું મહિલા કાર્યકતો અને મહિલા પોલીસ વચ્ચે પણ ઝપાઝપી થઇ હતી.

દિલ્હીમાં આમ આદમી પાર્ટી સિસોદીયાની ધરપકડના વિરોધમાં રસ્તા પર આવી ગઇ છે. આમ આદમી પાર્ટીના કાર્યાલયે જતા માર્ગો પોલીસે બંધ કરી દીધો હતો. ૧૪૪ની કલમ લાગુ કરી દેવાઇ હતી.

આપના કાર્યકરોને જતા રોકવા પોલીસે બેરીકેડ લગાવી રસ્તો બંધ કરી દીધો હતો મનીષ સિસોદીયાની ધરપકડને પગલે સ્થિતિ પર ડ્રોન કેમેરાથી નજર રાખવામાં આવી રહી છે. રાષ્ટ્રીય રાજધાની એલર્ટ પર છે. સીબીઆઇ મુખ્યાલય આપ ભાજપના કાર્યાલયોની બહાર સુરક્ષા કડક બનાવાઇ હતી.સિસોદીયાને મેડીકલ ટેસ્ટ બાદ કોર્ટમાં રજુ કરવામાં આવશે. આપ એ આરોપ લગાવ્યો હતો કે મોદીની પોલીસે જનતાનો અવાજ દબાવવા હવે એમસીડીના લીડર ઓફ હાઉસ મુકેશ કુમાર ગોયલની ધરપકડ કરી છે.

NEWS OF GANDHINAGAR_P-3

# વેજલપુર વિસ્તારમાં આવેલ ખીજડીયા હનુમાન મંદિરે પાટોત્સવ ઉજવાયો




**દરવર્ષે ની માફક ચાલુ વર્ષે પણ ખીજડીયા હનુમાન મંદિરે પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ છે મંદિર ના પુજારી રીતેશભાઈ શુકલ ના માગે દશેન નીચે અંને પ્રખર કમેકાડી બિપીનભાઇ શાસ્ત્રી તથા ભૂદેવો એ શાસ્ત્રો ગત મંત્રોચ્ચાર સાથે યજમાન પ્રદિપભાઇ શમા નિકુંજભાઈ સોની મનોજભાઈ શાહ એ પાટોત્સવ નો લાભ લઇ ને ધન્યતા અનુભવેલ હતી શ્રીફળ હોમાબાદ પ્રસાદ ની સુંદર આયોજન કરવામાં આવેલ હતી.**

# "જળ ની સ્વચ્છતા સાથે, મન ની સ્વચ્છતા પણ આવશ્યક - સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ ગાંધીનગર..

## “સ્વચ્છ જળ સ્વચ્છ મન” “પ્રોજેક્ટ અમૃત” નો શુભારંભ

ગાંધીનગર ,

આઝાદી ના ૭૫માં “અમૃત મહોત્સવ” કાર્યક્રમ અંતર્ગત રવિવારે સતગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતાજીના પાવન કરકમળ દ્વારા “અમૃત પરિયોજના“ “સ્વચ્છ જળ,સ્વચ્છ મન” નો પ્રારંભ થયો. ભારત ના ૧૧૦૦ થી પણ વધુ સ્થળોએ ૭૩૦ શહેરો માં એક સાથે સવારે ૮ વાગ્યે આ આયોજન કરવા માં આવ્યું.

બાબા હરદેવસિંહજી ની શિક્ષાઓ થી પ્રેરણા લઈ સંત નિરંકારી મિશન દ્વારા નિરંકારી સતગુરૂ માતા સુદિક્ષાજી મહારાજ ના દિવ્ય નિર્દેશન માં “અમૃત પરિયોજના“ નુ આયોજન થયુ. આ પ્રસંગે તેઓએ ફરમાવ્યું કે, પરમાત્માએ આપણ ને આ જે અમૃતરૂપી જળ આપ્યું છે તેની જાળવણી આપણું કર્તવ્ય છે. સ્વચ્છ જળ ની સાથે મન નું પણ સ્વચ્છ હોવું જરૂરી છે કારણ કે આ ભાવ સાથે જ આપણે સંતો વાળું જીવન જીવતા દરેક માટે પરોપકાર નું જ કાર્ય કરીએ છીએ.

ગાંધીનગર માં પણ પ્રાંતીયા ગામ માં આવેલા તળાવ અને તેની આસપાસ આવેલ પરિસર ની સફાઈ કરવાનું આયોજન થયું. આ કાર્યક્રમ માં નડીયાદ અને છત્રાલ નાં નિરંકારી ભક્તો પણ જોડાયા હતા.

ગાંધીનગર નાં ઝોનલ ઈન્ચાર્જ શ્રી એસ.એસ.બલિયાનજીના દિશા નિર્દેશ હેઠળ બ્રાન્ચ ના મુખી શ્રી મનશાદીદી ના માર્ગદર્શન તળે યોજાયેલા આ કાર્યક્રમ માં ગામની શાળા ના બાળકોએ સ્વાગત ગીત રજૂ કર્યુ હતું મુખ્ય મહેમાન પદે શ્રી ડો.કાનજીભાઈ યોગાચાર્યએ હાજર રહી નિરંકારી મિશન ની પ્રવૃતિઓ ને બિરદાવી હતી.

ગામ ના સરપંચ શ્રી પ્રવિણભાઈ પટેલ તેમજ શાળા ના



આચાર્ય શ્રી હર્ષદભાઈ, સ્ટાફ નો સુંદર સહકાર મળ્યો.

ગ્રામ લોકો ને કાર્યક્રમ નો હેતુ સમજાવવા તથા જાગૃતિ લાવવા શાળા ના બાળકોએ કાર્યક્રમ ના તેમજતેના આગલા દિવસે ગામમાં બેનર સાથે રેલી કાઢી હતી. કાર્યક્રમ નું સંચાલન કરણસિંઘે કર્યું હતું. ૩






કલાક ના સફાઈ અભિયાન કાર્યમાં જોડાયેલા સેંકડો ભક્તોએ ૮ ટ્રેકટર કચરા નો નિકાલ કર્યો હતો.તેવું ગાંધીનગર થી કનૈયાલાલ.દેવાણી તથા લક્ષ્મીબેન વાધવાની ની યાદી માં જણાવાયું છે.

# પાલડી ટાગોર હોલ ખાતે સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ મેન્ટલી રિટાયર્ડ દવારા શિક્ષણ ક્ષેત્રે વિવિધ એવોર્ડ એનાયત કરાયા




તા. ૨૬ ફેબ્રુઆરી ના રોજ પાલડી ટાગોર હોલ ખાતે સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ મેન્ટલી રિટાયર્ડ દ્વારા દર વર્ષે સાંસ્કૃતિક તેમજ માનસિક વિશિષ્ટ વ્યક્તિ ઓના શિક્ષણ ક્ષેત્રે કાય કરતા લોકો ને વિવિધ એવોર્ડ લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, બેસ્ટ લેખન સ્પર્ધા અને કેર ટેકર એવોર્ડ થી સન્માનિત કરવા મા આવે છે આ કાર્યક્રમ મા ઉત્થાન તાલીમ કેન્દ્ર ના ભાવના બેન પંડયા .યંશવત ભાઇ પટેલ ( આનંદ ધામ સંસ્થા .ભાવિન પરમાર ( ફ્રીડમ સંસ્થા (ધોળકા ) તેમજ શૈક્ષણિક સંસથા ઓના લોકો મોટી સંખ્યા હાજર રહયા હતા આ પ્રસંગે ધોળકા સેવાભાવી યુવાન શ્રી ભાવિન પરમાર ને શ્રેષ્ઠ શિક્ષક ના એવોર્ડ થી સન્માનિત કરવા મા આવ્યા હતા.

## બ્રહ્મર્ષિ પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના વૈકુંઠગમનના સમાચાર સંભાળી માન. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે શોકની લાગણી વ્યક્ત કરી છે.



ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના વૈકુંઠગમનના દુઃખદ સમાચાર મળતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે દુઃખની લાગણી વ્યકત કરી છે. પુષ્ટિમાર્ગીય પરંપરાનું ઊંડાણ પૂર્વક જ્ઞાન ધરાવતા હતા. પૂજ્ય વ્રજેશ કુમાર મહારાજ ચાર વેદ, સંસ્કૃત વ્યાકરણ સહિત પુષ્ટિમાર્ગના વિદ્વાન હતા. તેમણે કાંકરોલી પુષ્ટિમાર્ગ માટે ચારસો જેટલા સ્રોતની પણ રચના કરી હતી. ૨૦૦૯માં ભારત સરકારે બ્રમર્ષિ એવોર્ડથી સન્માનીત કર્યા હતા. ઈશ્વર એમનાં દિવંગત પુણ્યાત્માને શાંતિ પ્રદાન કરે અને એમનાં પરમભક્તોને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી શ્રી હરિનાં ચરણોમાં પ્રાર્થના. સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય પર એમનાં આશીર્વાદ સદાય વરસતા જ રહેશે.

# સનાતન પરંપરાના સંત અને સમાજસેવકોએ દિલ્હી આશ્રમમાં આચાર્ય લોકેશજીનું સન્માન કર્યું હતું

### આચાર્ય લોકેશજી શૌર્ય અને હિંમતનું પ્રતિક છે - સ્વામી મુરુગુ વેલ

### પહેલા રાષ્ટ્ર, પછી જાતિ, સંપ્રદાય, પક્ષ વગેરેનું સ્થાન – આચાર્ય લોકેશજી

તમિલનાડુના સનાતન પરંપરાનાં સંત સ્વામી મુરુગુ વેલજી, પોંડીચેરીનાં શ્રી સંપતજી અને રાષ્ટ્રીય સુરક્ષા મહા મિશનના શ્રી શત્રુઘ્નજીએ દિલ્હી આશ્રમમાં આદરણીય આચાર્ય લોકેશજીનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે બહેન શ્રીશિલાજી પણ પ્રતિનિધિમંડળમાં હાજર હતા.

તમિલનાડુ સનાતન પરંપરાના સંત સ્વામી મુરુગુ વેલજી, પોંડીચેરીનાં શ્રી સંપતજી અને રાષ્ટ્રીય સુરક્ષા મહા મિશનના શ્રી શત્રુઘ્નજી અને સોહન ગિરીએ એક જ અવાજમાં કહ્યું કે આચાર્ય લોકેશજી બહાદુરીના પ્રતીક છે, જે નિર્ભયતા સાથે આચાર્ય લોકેશ મુનિજી એ સંસ્કૃતિ અને હિંદુત્વની રક્ષા માટે રામલીલા મેદાનમાંથી ભારતીય સંસ્કૃતિનો અવાજ ઉઠાવ્યો અને સ્ટેજ પરથી હિંમતભેર દરેકને સંદેશો પહોંચાડ્યો એ પોતાનામાં એક અવિસ્મરણીય ઘટના હતી. અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ



શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે મેં ભજવેલી ભૂમિકા ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી મહાવીરની અદ્રશ્ય શક્તિના કારણે જ શક્ય બની છે. ભગવાનની પ્રેરણાથી આચાર્યશ્રી લાખોની ભીડમાં નિર્ભયતાથી પોતાની વાત રજૂ કરી શક્યા અને વાદ-વિવાદ માટે આમંત્રિત કરી શક્યા. આચાર્યશ્રીએ કહ્યું કે આજે સનાતન ધર્મના અનુયાયીઓને જે આદર મળી રહ્યો છે તે સનાતન, જૈન, બૌદ્ધ, શીખ ભારતીય સંસ્કૃતિનો આદર છે. આચાર્ય લોકેશજીએ કહ્યું કે પહેલા આપણું રાષ્ટ્ર છે, ત્યારબાદ તમામ જાતિ, સંપ્રદાય, પક્ષો વગેરે માટે સ્થાન છે.

જો રાષ્ટ્ર છે તો આપણે છીએ, જો રાષ્ટ્ર નથી તો આપણું અસ્તિત્વ નથી, તેથી અખંડ ભારત અને ગૌરવશાળી ભારત બનાવવા માટે સૌએ એક થવું જોઈએ તો જ આ દેશ વિશ્વ લીડર બની શકશે.

# ભાજપના મહિલા લાભાર્થીઓ સાથે "એક કરોડ સેલ્ફી અભિયાન"નો ગાંધીનગર ખાતે પ્રારંભ

**પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડો. દિપીકાબેન સરડવાની અધ્યક્ષતામાં તેમજ ભાજપા રાષ્ટ્રીય સંગઠનના મંત્રી અલકાબેન ગુર્જર અને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો કાર્યક્રમ. "મહિલા લાભાર્થી સાથે એક કરોડ સેલ્ફી અભિયાન" એક વર્ષ માટે એટલે કે ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ચાલશે.**

ગાંધીનગર ,

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સુકાન હેઠળની કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની મહિલા લાભાર્થીઓ સાથે ‘એક કરોડ સેલ્ફી અભિયાન’નો રાજયવ્યાપી પ્રારંભ કેન્દ્રીય સંગઠનના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યો જે અંતર્ગત ગાંધીનગર મહાનગર ખાતે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડો. દિપીકાબેન સરડવાની અધ્યક્ષતામાં તેમજ ભાજપા રાષ્ટ્રીય સંગઠનના મંત્રી અલકાબેન ગુર્જર અને રાજય સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ઉમિયા માતજી મંદિર સંસ્થાન સેકટર-૧૨ ખાતે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, મહિલા મોરચાના પ્રદેશ હોદ્દેદરો, મહાનગર મહિલા મોરચા પ્રમુખ પ્રિયા પટેલ, મહિલા કોર્પોરેટરો તેમજ મહાનગર સંગઠનના મહિલા હોદ્દેદારો, કાર્યકર્તા બહેનો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.





આ પ્રસંગે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડો. દિપીકાબેન સરડવાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજય સરકારે વિવિધ ક્ષેત્રે મહિલા સશક્તિકરણ, મહિલા ઉત્કર્ષ, મહિલા ઉત્થાનની અનેક યોજનાઓ અમલી બનાવી છે જેનો લાભ આજે દેશની કરોડો મહિલાઓને મળી રહ્યો છે.

ભાજપાના કેન્દ્રીય નેતૃત્વની કાર્યસૂચિ મુજબ તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના માર્ગદર્શન હેઠળ આજે ‘મહિલા લાભાર્થી સાથે એક કરોડ સેલ્ફી‘‘ કાર્યક્રમનો રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. ‘મહિલા લાભાર્થી સાથે એક કરોડ સેલ્ફી અભિયાન’ એક વર્ષ માટે એટલે કે ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી ચાલશે જેમાં ભાજપાની મહિલા કાર્યકર્તાઓ મહિલા લાભાર્થીઓ સાથે મુલાકાત કરશે.

# મહેસાણાના વડનગરની શિક્ષિકાએ ૧૦ વર્ષીય વિદ્યાર્થિનીને સોટીથી માર મારતા ફરિયાદ દાખલ

મહેસાણા,તા.૨૭

મહેસાણાના વડનગરમાં શિક્ષિકાએ ૧૦ વર્ષીય વિદ્યાર્થિનીને સોટીથી માર મારતા વિવાદ સર્જાયો છે. ૨૩ ફેબ્રુઆરીના રોજ વડનગરના ઊર્જા વિદ્યાલયમાં વિદ્યાર્થિનીએ ગણિતનો દાખલો ખોટો ગણ્યો હોવાના કારણે શિક્ષિકા તન્વી પટેલે વિદ્યાર્થિનીને થાપા પર સોટીઓ મારી હોવાનો આક્ષેપ થયો છે. માર મારવાને કારણે વિદ્યાર્થિનીને પગમાં લાલ ચાંભા પડી ગયા હતા. સમગ્ર મામલે વિદ્યાર્થિનીના વાલીએ ઊર્જા વિદ્યાલયના શિક્ષિકા તન્વી પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

તો બીજી તરફ સ્કૂલે શિક્ષિકા તન્વી પટેલ સામે કાર્યવાહી કરી તેમને સસ્પેન્ડ કરી દીધા છે. શાળાના સંચાલકોએ જણાવ્યું કે શિક્ષિકાએ કોઇ ખોટા હેતુ કે ઈરાદા સાથે વિદ્યાર્થિનીને માર નહોતો માર્યો. તેમ છતાં તપાસ દરમ્યાન જો તેઓ કસૂરવાર ઠરશે તો તેમની વિરૂદ્ધ વધુ કડક પગલાં લેવામાં આવશે.આ અગાઉ રાજકોટની ધ રોયલ સ્કૂલની જયાં વિદ્યાર્થીનો વાંક એટલો જ કે તે મસ્તી કરી રહ્યો હતો અને એટલી વાતમાં શિક્ષક ઉશ્કેરાઈ ગયા અને પોતાની સીમા ભૂલીને વિદ્યાર્થીને અપશબ્દો બોલવાની સાથે માર મારવા લાગ્યા હતા. જોકે શિક્ષકની આ કરતૂત ઝડ્ઝફમાં કેદ થઈ હતી.

થોડા દિવસ અગાઉ વડોદરાના સમામાં આવેલી નૂતન વિધાલયમાં વિધાર્થીને માર મારવાની ઘટના ચર્ચાના ચકડોળે ચઢી હતી. આ ઘટનામાં પોલીસે મોટી કામગીરી કરતા શિક્ષક અનિલ પ્રજાપતિની ધરપકડ કરી હતી. નોંધનીય છે કે શિક્ષકે ધોરણ-૯ના વિદ્યાર્થીને ઢોર માર મારતા વિદ્યાર્થીને નાક અને કાનમાં ઈજા થઈ હોવાનો આક્ષેપ વાલીઓએ કર્યો હતો.

# જૂનાગઢના ઉપરકોટના કિલ્લામાંથી દોઢ લાખથી વધુની ચીજવસ્તુઓ ચોરાઈ

જુનાગઢ,તા.૨૭

વર્ષો જુનો કોર્ટનો કિલ્લો લોકો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે અને જેના એક એક પથ્થરમાં ઈતિહાસ છે. તેવા ઉપરકોટના કિલ્લામાં રીનોવેશન દરમિયાન ૨૪થી વધુ તોપો અને પ્રાચીન વસ્તુઓ મળી આવી છે. ત્યારે બે દિવસ પહેલાં જ ઉપરકોટના કિલ્લામાં પ્રાચીન વસ્તુઓની ચોરી થયાની ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઉપરકોટમાં ફરિયાદ નોંધાતા પોલીસ હરકતમાં આવી હતી અને તપાસનો દોર શરૂ કર્યો હતો.થોડા દિવસોમાં જે પ્રવાસીઓ માટે ઉપરકોટનો કિલ્લો ખુલ્લો મુકવાની તૈયારી ચાલી રહી હતી. આ ઉપરાંત રીનોવેશનને પણ આખરી ઓપ આપવામાં આવ્યો હતો, ત્યારે કિલ્લો ખુલ્લો મુકાય તે પહેલાં જ ચોરોએ કિંમતી વસ્તુઓની ચોરી કરવાનું શરૂ કર્યું હતું.

# ૧.૨૭ લાખ ગુજરાતીઓએ સાયબર બેંક ફ્રોડમાં રૂા.૮૧૫ કરોડ ગુમાવ્યા

અમદાવાદ તા.૨૭

ગુજરાત સહિત દેશમાં વધતા જતા સાયબર ક્રાઈમ સામે હવે રાજયમાં સીઆઈડીએ આકરા પગલા લઈને રાજયની જનતાની સાથે રૂા.૮૧૫ કરોડની છેતરપીંડી તથા નાણાકીય ઉચાપત કરનાર ૩૦ હજારથી વધુ સીમકાર્ડનો ઉપયોગકર્તાને બ્લેક લીસ્ટેડ કર્યા છે. મોબાઈલ પર સર્જીકોલ એસએમએસ કે અન્ય રીતે મોબાઈલ ધારકને તેના આધાર અપગ્રેડેશન અથવા બેંક કેવાયસી અપગ્રેડેશન સહિતના મુદ્દે છેતરીને તેના બેંક ખાતામાંથી જંગી નાણા ઉચાપત કરવાના સતત વધતા જતા કેસમાં ૨૦૨૦થી અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧.૨૭ લાખ લોકો સાથે ૮૧૪.૮૧ કરોડની છેતરપીંડી થઈ છે.

જેમાં અનેકની જીવનભરની બચત પણ ઉપડી ગઈ છે અને દર એક કલાકે ગુજરાતમાં પાંચ લોકો સાથે સાયબર ક્રાઈમ થાય છે. ગુજરાત પોલીસની સીઆઈડી ક્રાઈમ યુનીટે અત્યાર સુધીમાં ૩૦૦૧૯ મોબાઈલ ઉપયોગકર્તાને તેના સીમકાર્ડના આધારે બ્લોક કર્યા છે.

મોટાભાગના મોબાઈલ નંબર રાજસ્થાનના મેવાડ, અલવર, ભરતપુર ઉપરાંત ઉતરપ્રદેશના મીરઠ, ગાઝીયાબાદ, નોયડા અને પશ્ર્ચિમબંગાળના ગ્રામીણ વિસ્તારમાં મેળવાયેલા સીમકાર્ડના આધારે ઓપરેટ કરાતા હતા. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકેશન દ્વારા આ પ્રકારના શંકાસ્પદ મોબાઈલનું રીવેરીફીકેશન પણ કરાવવામાં આવ્યુ હતું જેમાં ૭૫ ટકા તો ડીએકટીવેટેડ હતા.

આ અંગે સાયબર ઓપરેશનના નિષ્ણાંત મુકેશ ચૌધરીના જણાવ્યા પ્રમાણે આ પ્રકારના કૌભાંડ કરનાર પ્રી-એકટીવેટેડ મોબાઈલ સીમકાર્ડ મેળવે છે અને તેની આખી ગેંગ ચાલે છે અને તેઓ બીજા રાજયોમાં આ પ્રકારના અપરાધો આચરે છે. તેઓ માને છે કે પોલીસ હજારો કિલોમીટર દૂર જઈને નાની રકમ માટે તપાસ નહી કરે અને નાણા ગુમાવનાર પણ થોડીક ઓછી રકમ હશે તો પોલીસ ઝંઝટમાં નહી પડે.

વાસ્તવમાં સૌથી મોટી મુશ્કેલી સાયબર ક્રાઈમ અને આ પ્રકારના ફાઈનાન્સીયલ ફ્રોડ માટે અલગથી કોઈ કાનૂન નથી અને તેથી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોમાં આ પ્રકારના ગુન્હાઓ સૌથી ઓછા નોંધાય છે. ગુજરાતમાં ૨૦૨૩માં પ્રથમ ૩૪ દિવસમાં આ પ્રકારે રોજના સરેરાશ રૂા.૧.૩૭ કરોડની સાયબર છેતરપીંડી થઈ છે જેમાં મોટાભાગની નાની રકમ હોય છે અને તેઓ મોબાઈલ ધારકને આસાનીથી પોતાની જાળમાં લઈ લે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4